ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

નં.પરીક્ષા/૭૯૭૪/૨૦૨૧ તા. ૧૫/૦૬/૨૦૨૧

પરિપત્ર નં. : ૮૫

**વિષય : કોવીડ -૧૯ની વિશેષ પરિસ્થિતિમાં મેરીટ બેસ્ડ પ્રોગ્રેશનથી પરિણામ જાહેર કરવા બાબત.**

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તા. ૨૧/૦૫/૨૦૨૧ વંચાણે લઈને આ અગાઉ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૦ના સમાંનાંકી પરિપત્રને અનુસંધાને તા. ૦૪/૦૬/૨૦૨૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં સર્વાનુમતે કરેલ ઠરાવ અન્વયે માન. કુલપતિશ્રીના આદેશાનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે COVID-19ની મહામારીને અનુલક્ષીને

1) મેડિકલ અને લૉ ફેકલ્ટી સિવાયની સ્નાતક કક્ષાની બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ, બીઆરેસ, BAJMC, બીએસસી (Fire), બીએસસી (FAD), જેવા કોર્સિસના સેમેસ્ટર ૨ તથા ૪, ડીગ્રી ડ્રામા, BPA જેવા વાર્ષિક પદ્ધતિના અભ્યાસક્રમો માટે દ્વિતીય વર્ષ તેમજ બીએડ સેમ ૨ તેમજ અનુસ્નાતક કક્ષાના સેમ ૨ અને BARCH, B IDના જેવા ઈન્ટરમિડિયેટ સેમેસ્ટર જેમાં આંતરિક મૂલ્યાંક્ન થયેલ છે, તેની લેખિત પરીક્ષા લેવામાં આવશે નહીં. આવા તમામ વિદ્યાર્થીઓના પરિણામ માટે મેરીટ બેઝ્ડ પ્રોગ્રેશન લાગુ પાડવાનું રહેશે. 5 Yrs. Integrated કોર્સિસના કિસ્સામાં ડીગ્રી એવોર્ડીંગ સેમેસ્ટરની પરીક્ષા લેવાની રહેશે. જે કોર્સિસના જે-તે સેમેસ્ટર/વર્ષની પરીક્ષાના આધારે ક્લાસ એવોર્ડ કરવામાં આવતા હોય, તેવી તમામ પરીક્ષા ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે.
2) મેરીટ બેઝ્ડ પ્રોગ્રેશન મુજબ ચાલુ સેમેસ્ટરના આંતરિક ગુણ ૫૦% અને અગાઉના સેમેસ્ટરના જે-તે પેપરના કૂલ ગુણ ૧૦૦માંથી પ્રાપ્ત ૫૦% ને ધ્યાનમાં લઈને માર્ક્સની ગણતરી કરવામાં આવશે. જેનું ઉદાહરણ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તા. ૨૧/૦૫/૨૦૨૧માં દર્શાવેલ છે.
3) જો કોઈ વિદ્યાર્થી મેરીટ બેઝ્ડ પ્રોગ્રેશન મુજબના પરિણામના ગ્રેડમાં સુધારા કરવા ઈચ્છતો હોય તો તે સરકારશ્રીની સુચના મુજબ આગામી લેવાનાર પરીક્ષા દરમ્યાન વધુ એક તક આપવામાં આવશે
4) **ઉપરોક્ત તમામ બાબતો આ વખતે કોવીડ-૧૯ને કારણે ઉપસ્થિત થયેલ વિશેષ પરિસ્થિતિને ધ્યાને લઈને માત્ર જુન ૨૦૨૧માં લેવાનાર પરીક્ષા માટેજ લાગુ પડશે**
5) માન. કુલપતિશ્રીના આદેશાનુસાર જે વિદ્યાર્થીઓના પરિણામ MBPથી જાહેર કરવામાં આવશે તેઓની પરીક્ષા ફી આગામી સત્રની પરીક્ષા ફીમાં મજરે આપવામાં આવશે.

કુલસચિવશ્રી